RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ મહા વદ -૬    શનિવાર, તા.૦૭-૦૨-૨૦૨૬    અંક : ૩૪  વર્ષ : ૨૧    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# PoK ભારતનો હિસ્સો છે, અમેરિકાએ પણ સ્વીકાર્યું

**PoK ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે, નક્શો જોઈ શાહબાઝ-મુનીરની ઊંઘ હરામ**

નવીદિલ્હી,
અમેરિકા તરફથી પાકિસ્તાન માટે માઠા સમાચાર આવ્યા છે. અમેરિકા અને ભારતે ટ્રેડ ડીલ માટેનું ફ્રેમવર્ક જાહેર કર્યું છે, પરંતુ આનાથી પાકિસ્તાનની ચિંતામાં મોટો વધારો થયો છે. સવાલ એ છે કે, અમેરિકાએ એવું તો શું કર્યું કે શહબાઝ શરીફ અને આસિમ મુનીરની ઊંઘ ઉડી ગઈ? હકીકતમાં, અમેરિકાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે PoK ને ભારતનો હિસ્સો માન્યો છે. ભારત હંમેશા માનતું આવ્યું છે કે, PoK ભારતનું અભિન્ન અંગ છે અને પાકિસ્તાને તેના પર ગેરકાયદે કબજો જમાવ્યો છે. હવે અમેરિકાએ પણ ભારતની આ વાત પર મહોર મારી દીધી છે. અમેરિકાએ જે નકશો જાહેર કર્યો છે, તે સ્પષ્ટ દર્શાવે છે કે પાકિસ્તાનનો કબજો ગેરકાયદેસર છે અને PoK ભારતનો જ ભાગ છે.

અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસ (USTR) એ ભારત-અમેરિકાના નવા વચગાળાના ટ્રેડ એગ્રીમેન્ટની માહિતી આપતી વખતે જે નકશાનો ઉપયોગ કર્યો છે, તેને જોઈને પાકિસ્તાની શાસકો ચોંકી ગયા છે. અમેરિકા દ્વારા જાહેર કરાયેલા નકશામાં સમગ્ર કાશ્મીરને ભારતનો હિસ્સો બતાવવામાં આવ્યો છે. આ નકશા મુજબ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) પણ ભારતમાં સામેલ છે. આ નકશામાં ન તો કોઈ લાઈન ઓફ કંટ્રોલ (LoC) છે કે ન તો કોઈ વિવાદિત વિસ્તાર; બધું જ સ્પષ્ટપણે ભારતનું બતાવવામાં આવ્યું છે.

હકીકતમાં, USTR એ ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારના વચગાળાના ફ્રેમવર્ક સાથે જોડાયેલી એક પોસ્ટ કરી હતી. આ પોસ્ટમાં અમેરિકન ઉત્પાદનો (જેમ કે ડ્રાય ફ્રૂટ્સ, ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન, લાલ જુવાર, ફળો વગેરે) માટે ભારતમાં નવા બજાર ખુલવાની વાત હતી. અમેરિકાએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'ટ્રી નટ્સ અને ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેનથી લઈને લાલ જુવાર અને તાજા તથા પ્રોસેસ્ડ ફળો સુધી, અમેરિકા-ભારત સમજૂતી અમેરિકન ઉત્પાદનો માટે નવા માર્કેટ એક્સેસ આપશે.' પરંતુ આ પોસ્ટ સાથે જોડાયેલા નકશાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું, જેમાં PoK ને ભારતનો ભાગ બતાવવામાં આવ્યો છે.

અમેરિકા તરફથી જાહેર કરવામાં આવેલો આ નકશો માત્ર એક તસવીર નથી, પરંતુ અમેરિકાની બદલાતી વિચારધારાનો મોટો સંકેત છે. ભારત હંમેશા કહેતું રહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખનો આખો વિસ્તાર ભારતનો અભિન્ન અંગ છે. જેમાં PoK અને ગિલગિટ-બાલ્ટિસ્તાન પણ સામેલ છે. હવે અમેરિકાના સત્તાવાર એકાઉન્ટ પરથી આવો નકશો આવવાનો અર્થ એ છે કે, વોશિંગ્ટન ભારતની વાત સ્વીકારી રહ્યું છે. આ એવો સંકેત પણ છે કે, અમેરિકા હવે PoK ના મુદ્દે તટસ્થ નથી. આ બાબત તાજેતરમાં થયેલી ભારત-અમેરિકા ટ્રેડ ડીલની સાથે સામે આવી છે. બંને દેશોએ ટેરિફ ઘટાડવા અને ટ્રેડ ડીલના ફ્રેમવર્ક પર સહમતિ સાધી છે.

# ભારતે અગ્નિ-૩ બેલિસ્ટિક મિસાઈલનું કર્યું સફળ પરીક્ષણ

**અગ્નિ-૩ વિશ્વની સૌથી શક્તિશાળી મધ્યમ-અંતરની મિસાઈલોમાંની એક, ભારતની સંરક્ષણ ક્ષમતા માટે મહત્વપૂર્ણ**



ચાંદીપુર,
ભારતે શુક્રવારે ઓડિશાના ચાંદીપુરથી અગ્નિ-૩ બેલિસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ અંગે અધિકારીઓએ જણાવ્યું હતું કે તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણો અપેક્ષા મુજબ પૂર્ણ થયા હતા. મિસાઈલનું પ્રક્ષેપણ સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.અગ્નિ-૩ એ પરમાણુ ક્ષમતા ધરાવતી મિસાઈલ છે. જે આશરે ૩૦૦૦ થી ૩૫૦૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે. જે ભારતને દુશ્મનના દેશમાં અંદર સુધી મુખ્ય લક્ષ્યોને પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.

અગ્નિ-૩ ની ૩૦૦૦ થી ૩૫૦૦ કિમીની રેન્જ પાકિસ્તાન અને ચીનના આંતરિક ભાગોને આવરી લે છે. જેમાં પાકિસ્તાનના તમામ મુખ્ય શહેરો અને બેઈજિંગ અને શાંઘાઈ જેવા ચીનના શહેરોનો સમાવેશ થાય છે. આમ ભારત બંને દેશોમાં મુખ્ય લક્ષ્યો ધરાવે છે જે તેની પહોંચમાં છે. આ મિસાઈલ ચીન કરતાં પાકિસ્તાન માટે વધુ ચિંતાનો વિષય છે. અગ્નિ-૩ ને વિશ્વની સૌથી શક્તિશાળી મધ્યમ-અંતરની મિસાઈલોમાંની એક માનવામાં આવે છે.

અગ્નિ-૩ ભારતની મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે. જે બે તબક્કાની ઈંધણવાળી મિસાઈલ છે. જેની લંબાઈ ૧૬.૭મીટર, વ્યાસ ૨ મીટર અને પ્રક્ષેપણ વજન ૪૮,૩૦૦ કિલોગ્રામ છે. જે પરમાણુ અથવા પરંપરાગત શસ્ત્રો સહિત ૧૫૦૦ કિલોગ્રામ સુધીનો પેલોડ વહન કરી શકે છે. તેની ઉડાન ઊંચાઈ ૪૫૦ કિલોમીટરથી વધુ છે. DRDO દ્વારા વિકસિત મિસાઈલને રેલ-મોબાઈલ અને રોડ-મોબાઈલ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે. તેની ચોકસાઈ અદ્યતન નેવિગેશન અને માર્ગદર્શન પ્રણાલીઓમાંથી આવે છે. વર્ષ ૨૦૦૬ થી તે ઘણા સફળ પરીક્ષણોમાંથી પસાર થઈ ચૂકી છે. ભારતની સંરક્ષણ ક્ષમતા માટે મહત્વપૂર્ણ છે.

# ટ્રમ્પે ભારત પર દંડરૂપે લગાવેલો ૨૫% ટેરિફ હટાવ્યો, ટ્રેડ ડીલનું માળખું જાહેર



નવીદિલ્હી,
ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા વ્યાપારી તણાવનો આખરે અંત આવ્યો છે. શનિવારે વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદન અનુસાર, બંને દેશો વચ્ચે એક વચગાળાના વ્યાપાર કરાર પર સહમતી સધાઈ છે, જે દ્વિપક્ષીય સંબંધોમાં એક નવા વ્યૂહાત્મક યુગની શરૂઆત માનવામાં આવે છે. આ સમજૂતીમાં સૌથી મહત્ત્વનું એ છે કે પ્રમુખ ટ્રમ્પે એ કાર્યકારી આદેશ પર સહી કરી દીધી છે જે હેઠળ રશિયા પાસેથી ઓઈલ ખરીદવાને કારણે ભારત પર લગાવેલો ૨૫% ટેરિફર રદ કરી દેવામાં આવ્યો છે. કરાર હેઠળ હવે અમેરિકા ભારત પાસેથી ફક્ત ૧૮% ટેરિફ વસૂલશે.

આ કરાર હેઠળ ખાસ કરીને ફૂટવેર અને લેધર ઈન્ડસ્ટ્રીને મોટી રાહત મળી છે. ૧૮% ટેરિફના નવા નિયમથી વૈશ્વિક બજારમાં ભારતીય જૂતા અને ચામડાની વસ્તુઓની સ્પર્ધાત્મકતા વધશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સુરક્ષાના આધારે લાદવામાં આવેલા વધારાના શુલ્ક પણ પાછા ખેંચવામાં આવ્યા છે. આ રાહત બાદ ભારતીય ઉત્પાદનો હવે વિયેતનામ અને ચીન કરતા અમેરિકી બજારમાં વધુ સસ્તા અને સુલભ બનશે.

# આજથી T20 વર્લ્ડ કપનો થશે પ્રારંભ

**પ્રથમ દિવસે ત્રણ મેચ, વાનખેડેમાં ભારત-અમેરિકા વચ્ચે ટક્કર**



મુંબઈ,
આજથી ક્રિકેટના સૌથી ટૂંકા અને રોમાંચક ફોર્મેટ એવા ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો શંખનાદ થવા જઈ રહ્યો છે. ભારત અને શ્રીલંકાની યજમાનીમાં રમાનારા આ મહાકુંભમાં કુલ ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. આ વખતે મેદાન પર રમાનારી મેચોની સાથે-સાથે મેદાનની બહારની રાજનીતિ અને વિવાદો પણ ચર્ચાના કેન્દ્રમાં રહ્યા છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત આ વખતે સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપમાં પોતાનો ખિતાબ બચાવવા મેદાનમાં ઉતરશે.

વર્લ્ડ કપના પ્રથમ દિવસે ક્રિકેટ પ્રેમીઓને ત્રણ મેચનો ડોઝ મળશે. ઉદ્ઘાટન મેચ સવારે ૧૧ વાગ્યે કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે રમાશે. ત્યારબાદ બપોરે ૩ વાગ્યે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં વેસ્ટ ઈન્ડિઝ અને સ્કોટલેન્ડ વચ્ચે ટક્કર થશે. દિવસની સૌથી લોકપ્રિય મેચ સાંજે ૭ વાગ્યે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે, જ્યાં યજમાન ભારત અને અમેરિકાની ટીમો આમને-સામને હશે.

# પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં ભયાનક બ્લાસ્ટ, ૩૧ના મોત

**૧૬૦થી વધુ લોકો ઘાયલ, ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર**



ઈસ્લામાબાદ,
પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદના તરલાઈ વિસ્તારમાં આવેલી ઈમામ બારગાહ ખદીજત-ઉલ-કુબરામાં ભયાનક બ્લાસ્ટ થયો છે. બ્લાસ્ટ બાદ આખા વિસ્તારમાં અફરા-તફરી મચી ગઈ છે. બ્લાસ્ટ બાદ તરત જ ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે.

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં શુક્રવારની નમાજ દરમિયાન એક શિયા મસ્જિદ (ઈમામ બારગાહ)ની બહાર થયેલા બોમ્બ બ્લાસ્ટે આખા શહેરને હચમચાવી દીધું છે. તરલાઈ વિસ્તારમાં આવેલી ઈમામ બારગાહ ખદીજાત-ઉલ-કુબરા ખાતે થયેલા આ બ્લાસ્ટ પછી ચારેકોર ચીસા-ચીસો થઈ રહી હતી. સ્થાનિક મીડિયા અનુસાર, આ બ્લાસ્ટમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૧ લોકોના મોત થયાં છે, જ્યારે ૧૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે.જ્યારે આ બ્લાસ્ટ થયો, ત્યારે મસ્જિદમાં નમાજ માટે મોટી સંખ્યામાં લોકો હાજર હતા, જેના કારણે મૃત્યુઆંક વધી શકે છે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બ્લાસ્ટ બાદ તરત જ ઈસ્લામાબાદમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. પોલીસ, રેસ્ક્યુ અને ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળે પહોંચી અને આખા વિસ્તારને સીલ કરીને તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

# ઉત્તરાખંડ- નેપાળ સરહદ નજીક અકસ્માતમાં ૧૩ લોકોના મોત

પિથોરાગઢ,
ઉત્તરાખંડ-નેપાળ સરહદ નજીક એક ભયાનક અકસ્માત થયો છે. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોત થયા છે અને ૩૪ થી વધુ લોકો ઘાયલ થયા છે. આ દુર્ઘટના લગ્નના જાનૈયાઓને લઈ જતી બસ કાબુ બહાર થતા સર્જાઈ હતી. તેમજ તે ૨૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત નેપાળના બૈતાડી જિલ્લાના પુરચૌરી-૭ વિસ્તાર નજીક થયો હતો. જે ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં ઝુલાઘાટ સરહદને અડીને આવેલો છે. આ અંગે મળતી માહિતી મુજબ બસ ઓવરલોડ હતી. તેમજ અકસ્માતનું સાચું કારણ જાણવા માટે તપાસ કરવામાં આવી રહી છે.આ બસ જાનૈયાઓને લઈને બૈતાડીથી બજંગ જઈ રહી હતી. જે બસે ગુરુવારે મોડી રાત્રે બૈતાડીના પુરચુની નગરપાલિકાના ૭ ભવાન ગામથી સુનકુડા નજીક બડગાંવ વળાંક પર નિયંત્રણ ગુમાવ્યું હતું અને લગભગ ૨૦૦ મીટર ઊંડી ખીણમાં પડી હતી. આ અકસ્માતમાં ઘાયલોને સ્થાનિક લોકોએ બચાવીને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જેમાં અનેક ઘાયલોની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.આ બસ અકસ્માતમાં ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે દાડેલધુરા હોસ્પિટલમાં ૫ લોકોના મોત અને કોટિલા હોસ્પિટલમાં ૨ લોકોના મોત થયા. તેમજ બસ ઓવરલોડ હોવાના લીધે ચઢાણ ચડી શકી નહી અને ઊંડી ખીણમાં પડી હતી.

# અમેરિકા-ઈરાન વચ્ચેની બેઠક 'ફેલ' થતાં ટ્રમ્પે નવા પ્રતિબંધ ઝીંક્યા

**ટ્રમ્પની 'મેક્સિમમ પ્રેશર'નીતિ હેઠળ લેવાયેલા નિર્ણયથી તેહરાન હાલ ફસાયેલું**

તહેરાન,
ઈરાનના પરમાણુ કાર્યક્રમને લઈને ઓમાનની રાજધાની મસ્કતમાં બંને દેશો વચ્ચે ચાલેલી પરોક્ષ વાતચીત હજુ માંડ પૂરી થઈ હતી, ત્યાં જ અમેરિકાએ ઈરાન વિરુદ્ધ કડક તેલ પ્રતિબંધોની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે. અમેરિકાએ સ્પષ્ટ કર્યું છે કે ઈરાન તેલની કમાણીનો ઉપયોગ દુનિયામાં અસ્થિરતા ફેલાવવા અને પોતાના દેશમાં લોકોનું દમન કરવા માટે કરે છે, તેથી તેના તેલ નિકાસને રોકવુ જરૂરી છે. ડોનાલ્ડ ટ્રમ્પની 'મેક્સિમમ પ્રેશર'(મહત્તમ દબાણ) નીતિ હેઠળ લેવાયેલા આ નિર્ણયથી તેહરાન હાલ ફસાયેલું જોવા મળી રહ્યું છે.આ નવા પ્રતિબંધોમાં અમેરિકાએ ઈરાની તેલ વહન કરતા ૧૪ જહાજોને નિશાન બનાવ્યા છે, જેમાં તૂર્કીયે, ભારત અને યુનાઈટેડ આરબ એમિરેટ્સ (UAE)ના ધ્વજ ધરાવતા જહાજોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૧૫ કંપનીઓ અને ૨ વ્યક્તિઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે આ જહાજો કે સંસ્થાઓ સાથેનો કોઈપણ વ્યવહાર અમેરિકન કાયદા મુજબ ગેરકાયદેસર ગણાશે. અમેરિકન વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે ટ્રમ્પ પ્રશાસન ઈરાનના ગેરકાયદે તેલ અને પેટ્રોકેમિકલ નિકાસને રોકવા માટે મક્કમ છે.ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઓમાનની વાતચીતને હકારાત્મક ગણાવી હતી, પરંતુ અમેરિકાએ વાતચીતની સાથે દબાણ ચાલુ રાખવાની પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. ઈરાનમાં ચાલી રહેલા આંતરિક વિરોધ પ્રદર્શનો અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અમેરિકાએ ઈરાનના દરિયાકાંઠા પાસે સૈન્ય હાજરી પણ વધારી દીધી છે. નિષ્ણાતો માને છે કે અમેરિકા એક તરફ રાજદ્વારી માર્ગ ખુલ્લો રાખીને બીજી તરફ આર્થિક અને સૈન્ય રીતે ઈરાનને ઘૂંટણિયે લાવવા માંગે છે.

# ચેક રિટર્ન થાય તો તુરંતજ ઓનલાઈન ચૂકવણી કરી કેસનો નિકાલ થઈ શકશે

**ઓનલાઈન ચૂકવણીની નવતર સિસ્ટમ અમલી બનાવવામાં આવી**

અમદાવાદ,
ચેક બાઉન્સના કેસોના ભરાવાને લઈ તેના ઝડપી નિકાલ અને ત્વરિત ન્યાયની અનોખી પહેલના ભાગરૂપે આજથી ચેક રિટર્નની તમામ ૨૫ કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળના કેસોમાં ઓનલાઈન ચૂકવણીની નવતર સિસ્ટમ અમલી બનાવવામાં આવી છે. સમગ્ર ગુજરાત રાજયમાં સૌપ્રથમ અમદાવાદની ચેક રિટર્નની કોર્ટોમાં આ નવી પદ્ધતિ લાગુ કરવામાં આવી છે. જેને લઈને હવે જે તે પક્ષકારો તેમના પેમેન્ટના વિવાદ કે તકરારમાં તાત્કાલિક કયુઆર કોડ સ્કેન કરી તરત જ પેમેન્ટ કરી શકશે, જેના કારણે કેસોનો સ્થળ પર જ ઝડપી નિકાલ શકય બનશે.

ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ શહેરના તાબાની ચેક રિટર્નની તમામ કોર્ટોમાં આ નવતર સીસ્ટમ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ઈલેશ વોરાના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવી છે. ચેક રિટર્નના પડતર લાખો કેસોના ઝડપી નિકાલમાં આ નવી સીસ્ટમથી ઘણી મદદ મળી રહેશે. ચેક રિટર્નના કેસોમાં ઓનલાઈન ચૂકવણીની નવી સુવિધાના વિકલ્પ અંગે વાસ્તવમાં સુપ્રીમકોર્ટે એક ચુકાદામાં નિર્દેશ આપ્યા હતા, જેમાં તમામ જિલ્લા અદાલતોને સમન્સના તબક્કે જ આરોપીને ચેકની રકમ ઓનલાઈન ભરપાઈ કરવાનો વિકલ્પ આપવા પણ નિર્દેશ અપાયો હતો કે જેથી વેળાસર કેસમાં સમાધાન અને તેના નિકાલની પ્રક્રિયા ઝડપી શકય બને.